# ચ-૦ પાસે ટ્રાફિક ડ્રાઈવમાં ૧૦૦થી વધુ ગાડીઓમાંથી ડાર્ક ફિલ્મ હટાવાઈ

## બે દિવસથી ચાલતી ઝુંબેશ : હેલ્મેટ પહેર્યા વગર નીકળેલા બાઈક ચાલકો અને સીટ બેલ્ટ વગર ફરતા કારચાલકો પણ દંડાયા



(તસવીર : કશ્યપ નિમાવત)





ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જીલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા શહેરના ચ-૦ સર્કલ ખાતે બે દિવસથી ટ્રાફિક ડ્રાઈવ ચાલે છે. આ ટ્રાફિક ડ્રાઈવમાં લાયસન્સ વગર ફરતા વાહનચાલકોના વાહનો ડીટેઈન કરી લેવામાં આવ્યા હતા. તે ઉપરાંત બે દિવસમાં ૧૦૦ થી વધુ ગાડીઓમાંથી ડાર્ક ફિલ્મ કઢાવી હતી. પોલીસે ડ્રાઈવ દરમિયાન હેલ્મેટ પહેર્યા વગર નીકળેલા વાહન ચાલકો તથા સીટ બેલ્ટ લગાવ્યા વગર ફરતા કારચાલકોને દંડ ફટકારીને ગાડી ઉપરથી લાલ અને પીળી લાઈટ પણ હટાવાઈ હતી.

ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે માટે ગાંધીનગર ડી.એસ.પી શરદ સિંઘલની સુચનાથી ટ્રાફિક પી.આઈ વાય.આર.ગામીતે ટ્રાફિક ડ્રાઈવનું આયોજન કર્યુ હતું. આ બે દિવસથી ચાલતી ટ્રાફિક ડ્રાઈવ દરમિયાન ટ્રાફિક પોલીસે ચ-૦ સર્કલ પરથી પસાર થતા વાહનોની ચકાસણી હાથ ધરી હતી. આ દરમિયાન જે વાહનચાલકો પાસે લાયસન્સ ન હતા તે તમામ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત હેલ્મેટ વગર વાહન ચલાવતા વાહનચાલકો પાસેથી પણ દંડ વસુલાત કરવામાં આવ્યો હતો. જયારે સીટ બેલ્ટ બાંધ્યા વિના કાર ચલાવતા કારચાલકો પોલીસની ઝપટે ચડ્યા હતા તેમની પાસેથી પણ દંડની વસુલાત કરવામાં આવી હતી. આ ઉપરાંત ૧૦૦ થી વધુ કાર ચાલકો પાસેથી ડાર્ક ફિલ્મ કઢાવી નાંખીને દંડ વસુલવામાં આવ્યો હતો. પોલીસની આ ડ્રાઈવ દરમિયાન વધુ પેસેન્જર ભરી જતા વાહનચાલકો સામે પણ દંડનાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# બિનઉપયોગી ઓપન એર થીયેટરના ભાડાનો દર ઘટાડવા વિભાગને દરખાસ્ત

## તોતિંગ ભાડાના લીધે બે વર્ષના અંતે પણ થીયેટરને ભાડાપેટે મેળવવા એક પણ અરજી આવી નથી

ગાંધીનગર,તા.૭

ઘ-૫ વિસ્તારમાં સ્થિત ઓપન એર થીયેટરના નિર્માણ પાછળ ૫૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે પરંતુ ત્રણ વર્ષના અંતે પણ થીયેટર લોકઉપયોગી બની શક્યું નથી. થીયેટરના ભાડાનો દર પણ આમ નાગરિકોને પોષાય તેવો ન હોય તેવી બુમ ઠવા પામી છે. આવા સંજોગોમાં ઉપયોગના અભાવે થીયેટર અસામાજિક તત્વોનો અડ્ડો બની રહ્યું છે. બીજી તરફ લાખોના ખર્ચ પર પાણી ઢોળ થઈ ગયું હોવાનું સ્પષ્ટ થયું છે. ત્રણ વર્ષના અંતે પણ થીયેટર ભાડેથી મેળવવા તંત્રને એક પણ અરજી સુદ્ધા મળી નથી. અગાઉ જાળવણીના અભાવે ખંડેર બનતા ઓપન એર થીયેટરમાં દુષણો પાંગરી રહ્યા હોવાની બુમ ઠવા પામી હતી.

શહેરના મધ્ય વિસ્તાર ઘ-૫ ખાતે પાટનગર યોજના વિભાગ દ્વારા અંદાજીત રૂ.૫૫ લાખના ખર્ચે ઓપન એર થીયેટર તૈયાર કરવામાં આવ્યું છે. કલાકારોને સ્ટેજ મળી રહે તેવા આશયથી વિશાળ સ્ટેજ સહીત જરૂરી આનુસંગિક સુવિધાઓ પણ થીયેટરમાં ઉપલબ્ધ કરવામાં આવી છે. વિશાળ સ્ટેજની સાથે કલાકારો માટે ગ્રીન રૂમ પણ બનાવાયો છે. આ ઉપરાંત જરૂરી લાઈટીંગ તેમજ સૌચાલયની પણ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

### સિવિલ કેમ્પસ સ્થિત મેડીકલ હોલની પણ આવી જ દશા થશે..!!

ગાંધીનગરમાં હાલ કલાકારોને સ્ટેજ પૂરું પાડવા ઉપરાંત અનેકવિધ કાર્યક્રમો અને સમારંભો યોજવા માટે એકમાત્ર ટાઉનહોલ ઉપલબ્ધ છે. પરંતુ એક દાયકાના અંતે યોગ્ય જાળવણીના અભાવ વચ્ચે ટાઉનહોલની હાલત પણ ખંડેર બનવા તરફ છે. આવા સંજોગોમાં ટાઉનહોલનું નવીનીકરણ અનિવાર્ય બન્યું છે. પરંતુ આ પ્રોજેક્ટ પણ ફાઈલોમાં અટવાયો છે. બીજી તરફ ઓપન એર થીયેટર પણ તંત્રની નીતિના લીધે બિનઉપયોગી હાલતમાં છે. સિવિલ કેમ્પસમાં થોડા સમય અગાઉ તૈયાર થયેલા અદ્યતન મેડીકલ હોલને પણ માત્ર એકેડેમિક પ્રોગ્રામ માટે ભાડે આપવાનો મનઘડત નિર્ણય કરવામાં આવ્યો છે. મેડીકલ કોલેજના આ અદ્યતન હોલને મનોરંજનના ઉદ્દેશથી ભાડે ન ફાળવાતા નગરના કલારશીકોમાં પણ નારાજગી પ્રવર્તી છે. આવી સ્થિતિ વચ્ચે નવનિર્મિત હોલ બિનઉપયોગી હાલતમાં રહેતા તેની દશા પણ ક્યાંક ઓપનએર થીયેટર જેવી ન થઈ જાય તે બાબત વિચારણા માંગી લે તેવી છે.

# મેડીકલ સ્ટોર્સમાં નિયમો જાળવવા ફાર્માસિસ્ટોની આરોગ્ય વિભાગને રજૂઆત

## મેડીકલ સ્ટોરમાં ફાર્માસિસ્ટની ગેરહાજરી વચ્ચે દવાનું વેચાણ કાયદાકીય નિયમોનું ઉલ્લંઘન

ગાંધીનગર, તા.૭

રાજયના મેડિકલ સ્ટોર્સ પર થતા નીતિ-નિયમોના ઉલ્લંઘન મામલે આજે ફાર્માસિસ્ટોએ આરોગ્ય વિભાગને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. મહારાષ્ટ્રની જેમ ગુજરાતમાં પણ મહેનતાણું નિયત કરી ફાર્માસિસ્ટોને મેડીકલ સ્ટોર્સ પર ફરજ બજાવે તેવી વ્યવસ્થા ગોઠવવા પણ રજૂઆત કરવામાં આવી હતી. આ મામલે આમ નાગરિકોમાં જનજાગૃતિ કેળવાય તેવા આશયથી અમદાવાદથી ગાંધીનગર સુધી આરોગ્ય જાગૃતિ અભિયાન યાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાતમાં મેડીકલ સ્ટોર્સ પર દવાની જાણકારી ન ધરાવતા હોય તેવી સ્થિતિ વચ્ચે નીતિ-નિયમોનું ઉલ્લઘન કરી ફાર્માસિસ્ટની ગેરહાજરીમાં દવાનું વેચાણ થાય છે જયારે મહારાષ્ટ્ર સહીતના અન્ય રાજયોમાં આ માટે દવાના સ્ટોર્સ પર વિશેષ રૂપે ફાર્મસીનો અભ્યાસ કર્યો હોય તેવા ફાર્માસિસ્ટને માસિક ૨૦ હજારનું મહેનતાણું અગર ૪૦ ટકાની ભાગીદારી સાથે જોડવામાં આવે છે પરંતુ ગુજરાતમાં આ મામલે કોઈ નિયમો જળવાતા ન હોવાનો આક્રોશ ફાર્માસિસ્ટોએ ઠાલવ્યો હતો. આ અંગે આરોગ્ય જનજાગૃતિ કેળવાય તેવા આશયથી અમદાવાદથી ગાંધીનગર સુધી આજે યાત્રા યોજવામાં આવી હતી. જેના અંતે આરોગ્યવિભાગને પણ રજૂઆત કરવામાં આવી હતી. ગાંધીનગર ખાતે આવેલા ૭૦ જેટલા ફાર્માસિસ્ટોએ મેડીકલ સ્ટોર્સ પર નિયમો જળવાય તે માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવવા રજૂઆતમાં જણાવ્યું હતું. જૂના સચિવાલય સ્થિત આરોગ્ય વિભાગની કચેરીમાં રજૂઆત કરવા આવેલા ફાર્માસિસ્ટોને આ દરમિયાન પોલીસ સાથે પણ થોડી ચકચક જરી હતી.




(તસવીર : કશ્યપ નિમાવત)

## ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર જિલ્લાના નવનિયુકત કલેકટર શ્રી રવિશંકરે આજે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.
- ગાંધીનગર મહાનગરપાલિકાના મ્યુનિ. કમિશનર શ્રી ચૌધરીએ પણ તેમના નવા હોદ્દાનો ચાર્જ આજે સંભાળી લીધો છે.
- આજે વિધાનસભા ગૃહમાં ભાવનગર રેલવે સ્ટેશન પર કુલી તરીકે કામ કરતી ૨૦થી વધુ મહિલાઓ તેમના પ્રશ્નની રજુઆત માટે આવી હતી.
- ગાંધીનગરના જાણીતા તબીબ ડૉ. હસમુખ નાયકે આજે તેમનો જન્મદિવસ સાદગીથી ઉજવ્યો હતો.
- ગાંધીનગર સિવીલ હોસ્પિટલના સિવીલ સર્જન તરીકે ડૉ. દક્ષાબેન ઠક્કર લાંબી રજા પરથી પરત ફર્યા છે.
- ગાંધીનગર મહાનગર પાલિકામાં ફૂડ લાયસન્સની માત્ર ૨૫ અરજીઓ રિન્યુઅલ માટે આપી હોવાનું જાણવા મળેલ છે.
- ૧૭મી જુલાઈથી કાળી પટ્ટી ધારણ કરવાના અપાયેલા એલાનને પગલે દરેક વિભાગના વિભાગ પ્રતિનિધિઓ અને કર્મચારીઓ સાથે કર્મચારી સંગઠ્ઠનના હોદ્દેદારોએ બેઠકો આરંભી છે.
- ત્રણ નાયબ મામલતદારોની વધુ બદલીઓ જિલ્લાતંત્ર દ્વારા કરવામાં આવી છે.

## ઉચ્ચ પ્રાથમિક (ધો-૬ થી ૮) એકતરફી જિલ્લા ફેરબદલી

અમદાવાદ, તા.૭

ગુજરાત રાજયની જિલ્લા શિક્ષણ સમિતિ / નગર શિક્ષણ સમિતિઓમાંથી અમદાવાદ જિલ્લા શિક્ષણ સમિતિ, અમદાવાદની પ્રાથમિક શાળાઓમાં જે શિક્ષકોએ ધો-૧ થી ૫માં અરજી કરેલ છે અને ઉચ્ચ પ્રાથમિકમાં વિકલ્પ લીધેલ હોય તેવા શિક્ષકોએ સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મારફતે

● અનુસંધાન પાન-૭ પર





સ્વચ્છતા અભિયાન - ગાંધીનગર શહેરમાં મનપા દ્વારા ચોમાસા પૂર્વે સ્વચ્છતા અભિયાન આરંભાયું છે... ઠેરઠેર જોવા મળતા કચરાના ઢગલાના ઉઠાવવા માટે યુદ્ધના ધોરણે કામ ચાલી રહ્યું છે... કેટલું જળવાશે, કેવું જળવાશે ? એ આ બધા પ્રશ્નો છે... પરંતુ અત્યારે તો શરૂઆત સારી છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# ૪૪૩૬ ખેત વિષયક વીજ જોડાણની અરજીઓ પડતર

## જિલ્લામાં ૩૭,૧૭૮ કાચા આવાસો છે : ૨૬,૨૦૨ બેરોજગારો નોંધાયેલા છે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષથી ૩૧-૫-૧૪ની સ્થિતિએ ૪૪૩૬ ખેડૂતોની ખેત વિષયક જોડાણોની અરજીઓ પડતર હોવાનું રાજયના ઊર્જામંત્રીશ્રીએ કોંગીના ધારાસભ્યશ્રી અમીતભાઈ ચૌધરીના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

તેમણે જણાવ્યુ છે કે જિલ્લાના દહેગામમાં આવી પડતર અરજીઓની સંખ્યા ૨૪૩૧ છે. ગાંધીનગરમાં આવી અરજીઓની સંખ્યા ૧૦૧૬, કલોલમાં ૩૮૨ અને માણસામાં ૬૦૭ અરજીઓ છે.

કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. વીજ ઉત્પાદન અને વીજ માંગ વચ્ચે સંકલન જાળવવાની સાથે સાતે માળખાગત સુવિધા નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઈ અગ્રતાક્રમ અનુસાર વીજ જોડાણ આપવામાં આવે છે. તેમ પણ મંત્રીશ્રીએ લેખિત પ્રશ્નના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.



**વિધાનસભામાં ગાંધીનગર** - પ્રકાશ જહા

**● ગાંધીનગર ખાતે નોંધાયેલ બેરોજગારો**

ભાજપના ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે ગાંધીનગરમાં નોંધાયેલા બેરોજગારો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શ્રમ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૩૧-૫-૧૪ની સ્થિતિએ જિલ્લામાં નોંધાયેલા બેરોજગારોની સંખ્યા ૨૬૨૦૨ છે.

આ પૈકી છેલ્લા એક વર્ષમાં ૧૦,૨૩૯ બેરોજગારોને રોજગારી આપવામાં આવી છે.

**● લઘુત્તમ વેતન ભંગના ગુના**

કોંગીના કલોલના ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોરે છેલ્લા બે વર્ષમાં કલોલ તાલુકાના ઔધોગિક એકમોમાં લઘુત્તમ વેતન ધારાભંગ અંગે કરાયેલી તપાસના ઉત્તરમાં શ્રમ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૧૯૭૫ એકમોમાં તપાસ કરવામાં આવી છે.

આ પૈકી સરકારની તપાસ દરમ્યાન ૨૨૨ એકમો કસુરવાર જણાતા તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# વરસાદના વિલંબ વચ્ચે વાતાવરણમાં ગરમી યથાવત : પારો ૩૯.૫ ડીગ્રી

## આકરા બફારામાં પરસેવે ભીંજાતા નગરજનો વરસાદની વાટે

ગાંધીનગર, તા. ૭

રામા મેઘ દે... પાની દે... છાયા દે... રે... વરસાદ અદશ્ય છે. આકાશમાં ડોકીયુ કરી વિખેરાઈ જતા વાદળો રોજ વરસાદની આશ જન્માવે છે. ત્યારે મોંઘેરા મેઘરાજને મનાવવા નાગરિકો બંદકી કરી રહ્યા છે. વરસાદની વાટમાં પ્રકૃતિ પણ હવે મુજાવા તરફ છે. જ્યારે પ્રકૃતિની બખોલમાં બેઠેલા અબોલ પશુ-પક્ષીઓ પણ મેઘમહેર વગર વિહ્વળ બન્યા છે. વરસાદ વિલંબમાં પડતા વાતાવરણમાં ગરમીનું પ્રભુત્વ હજુ યથાવત છે. ૪૦ ડી.ગ્રીએ સ્થિર થયેલા ગરમીના પારાની સાથે ભેજનું પ્રમાણ વધવાથી નગરજનો બફારાથી ગુંગળામણ અનુભવી રહ્યા છે. આકાશમાં છુપાછુપી રમતા વાદળો વચ્ચે મેઘરાજા પણ મન કળવા દેતા નથી. ગરમીથી બેહાલ જનજીવન વરસાદની વાટે છે.

ગાંધીનગરમાં આ વખતે ઉનાળા દરમિયાન નોંધાયેલી રેકોર્ડ ગરમીએ જનજીવનને વિશેષરૂપે પ્રભાવિત કર્યું છે. ગરમીનો પારો ૪૯ ડિગ્રીએ પહોંચી જતા ઐતિહાસિક ગરમીએ ઉનાળાને વધુ આકરો બનાવી દીધો હતો. પરંતુ શ્રાવણ નજીકના દિવસોમાં છે. આમ છતાં મેઘરાજાએ હજુ હાજરી પણ ન પુરાવતા ચોમાસુ સૌ કોઈ માટે ચિંતાનો વિષય બની ગયો છે. એકબાજુ વરસાદના વધામણા માટે યજ્ઞો સહીતના ધાર્મિક કાર્યો થકી મેઘરાજાને રીઝવવા પ્રયાસ થઈ રહ્યા છે. વરસાદ વિલંબમાં પડતા ખેડૂતો વિશેષરૂપે ચિંતિત છે.

## નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૯-૭-૧૪, બુધવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો સવારના ૯-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

**૧. ક્રિશ્નોનિક્સ સબસ્ટેશન**

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

## નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૯-૭-૧૪, બુધવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો સવારના ૯-૦૦ કલાકથી સાંજના ૧૭-૦૦ કલાક સુધી બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

**૧. સેક્ટર-૮એ સબસ્ટેશન**

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

# સી.પી.એડ.ના તાલીમાર્થીઓને ટેટની પરીક્ષામાં સમાવી લેવા રજૂઆત

## ઉમેદવારોએ મુખ્યમંત્રીને આવેદનપત્ર સુપ્રત કર્યું : ન્યાય નહીં મળે તો ગાંધી ચિંધ્યા માર્ગે લડત આપવાની ચીમકી

ગાંધીનગર, તા. ૭

ટેટની પરીક્ષામાં સી.પી.એડ. કોલેજોના તાલીમાર્થીઓનો સમાવેશ ન થતા સત્યાગ્રહ છાવણી ખાતે એકત્રિત થયેલા ઉમેદવારોએ આજે આ મામલે મુખ્યમંત્રીને આવેદનપત્ર સુપ્રત કર્યુ હતુ. જ્યારે માંગણી નહીં સંતોષાય તો ઉમેદવારોને ગાંધી ચિંધ્યા માર્ગે લડત આપવાની ચિમકી પણ ઉચ્ચારી હતી.

રાજ્યની ૬ સરકારી ગ્રાન્ટેડ કોલેજો ઉપરાંત ૩૮ સ્વનિર્ભર કોલેજોમાં સી.પી.એડ.ના કોર્ષ ચાલે છે. આ કોર્ષમાં ધો. ૧૨ પછી પ્રવેશ આપવામાં આવે છે. જયારે સી.પી.એડ.ના ઉમેદવારોનો ટેટની પરીક્ષામાં સમાવેશ ન થતા પ્રબળ આક્રોશ પ્રવર્ત્યો છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગત તા. ૨૭ જૂનના રોજ શિક્ષક યોગ્યતા કસોટીના આયોજનને

● અનુસંધાન પાન-૭ પર

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com